એલસીબીની ટીમે બે વોન્ટેડ બુટલેગરોને ઝડપી પાડયા

રાજસ્થાન પોલીસ સાથે સંયુકત ઓપરેશન કરી બંનેને ડુંગરપુરથી પકડયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં દારુના ગુનામાં બે ત્રણ વર્ષથી નાસતા ફરતાં બે વોન્ટેડ બુટલેગરોને ગાંધીનગર એલસીબી પોલીસે રાજસ્થાન પોલીસની મદદથી ડુંગરપુર વિસ્તારમાંથી ઝડપી લીધા છે. બંને વોન્ટેડ બુટલેગરોની ધરપકડ કરીને સંબંધીત પોલીસ સ્ટેશને વધુ પુછપરછ માટે મોકલી આપવામાં આવ્યા છે.

વર્ષ ૨૦૧૧માં ચિલોડા હાઈવે પરથી મારૂતી ફંટી ગાડી રૂ. ૩૬,૬૬૦ની કિંમતના વિદેશી દારુ સાથે ઝડપાઈ હતી. આ ગાડીમાંથી એક શખ્સ ઝડપાઈ ગયો હતો જયારે બીજો રાજસ્થાનના ડુંગરપુર વિસ્તારનો બુટલેગર ચંદુ ઉર્ફે ફૌજી કલાલ ફરાર થઈ ગયો હતો. તે શખ્સને એલસીબીની ટીમ ઉઠાવી લાવી છે અને ચિલોડા પોલીસને સોંપતા વધુ પુછપરછ માટે ચિલોડા પોલીસને કોર્ટમાંથી બે દીવસના રીમાન્ડ મળ્યા છે. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લાના પ્રોહીબીશનનાં અલગ અલગ ત્રણ ગુનાઓમાં વોન્ટેડ રાજુ ઉર્ફે રાજેન્દ્ર ઉર્ફે મુકેશ વેલજી કલાલ નામના બુટલેગરને પણ એલસીબીની ટીમ રાજસ્થાન પોલીસની મદદથી ડુંગરપુર વિસ્તારમાંથી પકડી લાવી છે. એલસીબીની ટીમે બંને શખ્સોની ધરપકડ કરીને પોલીસ સ્ટેશને સોંપી દીધા છે. તેમની સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે.

સેક્ટર-૧૬ ખાતે બિમાર ગાયની સેવાભાવી નાગરીકો દ્વારા સારવાર કરવામાં આવી રહી છે તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

ગાંધીનગર સેકટર-૨ વિકાસથી વંચિત : સ્થાનિક રહીશો

સીટી બસ સેવા, મા. શાળા, ગાર્ડન, એ.ટી.એમ. શરૂ કરવા માંગ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના મોટા ભાગના સેકટરોમાં સી.ટી. બસ સેવા, શાળા, ગાર્ડન, પોસ્ટ ઓફિસ, પોલીસ સ્ટેશન, બેંક એ.ટી.એમ., વગેરેની સુવિધા છે જયારે સેકટર-૨ના રહીશોદ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં સી.ટી. બસ સેવા, માધ્યમિક શાળા, ગાર્ડન અને બેંક એ.ટી.એમ.ની સુવિધા મળી નથી જેથી સ્થાનિક રહીશો દ્વારા આકોશ વ્યકત કરવામાં આવ્યો છે.

સેકટર-૨ના રહીશોદ્વારા વારંવાર માંગણી કરવામાં આવી છે કે રહીશોને સી.ટી. બસ સેવાનો લાભ મળે. રોજે રોજ મુસાફરી કરતા નોકરીયાત વર્ગ, કોલેજીયન્સ, વિદ્યાર્થીઓ, વડીલોને સી.ટી.બસ સેવાનો સેકટર-૨થી લાભ મળતો નથી. વિદ્યાર્થીઓને દૂરના સેકટરોની શાળામાં માધ્યમિક શિક્ષણ માટે જવું પડે છે ત્યારે રહીશોની એક એવી પણ માંગણી છે કે વિદ્યાર્થીઓ માટે સેકટરમાં માધ્યમિક શાળા શરૂ કરવામાં આવે. સે-૨-બી અને સીમાં ગાર્ડન પણ નથી વડીલોને સવારે કે સંધ્યા સમયે ખુલ્લી હવામાં, આરોગ્યપ્રદ વાતાવરણમાં બેસવા માટે દૂરના સેકટરોમાં જવુંપડે છે. ગાર્ડનની માવજત કરવામાં આવે તે પણ જરુરી છે.

વારંવાર બનતા ચોરી-ચક્કારીના બનાવોથી રહીશો ત્રાસી ગયા છે. જેથી અહીં પોલીસ સ્ટેશન ખોલવામાં આવેતે જરુરી છે. પૈસાની લેવડદેવડ માટે નોકરીયાત વર્ગ કે વેપારી વર્ગે દૂરની બેંકોમાં જવું પડે છે. જો આ વિસ્તારમાં સ્ટેટ બેંકના એટીએમ કેન્દ્રની સેવા શરુ કરવામાં આવે તો સ્થાનિક રહીશોને તેનો બહોળા પ્રમાણમાં લાભ મળી શકે.

સેકટર-૨ આજે વિકાસથી વંચિત છે ત્યારે યુવા ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને વિરોધ પક્ષના નેતા મનુભાઈ પટેલ આ બાબતે જરુરી કામગીરી આરંભે તેવી લોક લાગણી અને માંગણી છે એમ સેકટરના અગ્રણી રાજેન્દ્ર પારેખ, નિરંજનભાઈ, વીરજભાઈ અને જિતેન્દ્રભાઈએ જણાવ્યું છે.

કડી સ્કૂલ કેમ્પસની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ક્રિએટીવ ઝોન તૈયાર...

વિદ્યાર્થીઓ માટે ૧૭મીથી નિઃશુલ્ક વર્કશોપ

ગાંધીનગર, તા.૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સંકુલમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ક્રિએટીવ ઝોન તૈયાર કરવામાં આવ્યો છે. ક્રિએટીવ ઝોનમાં વિદ્યાર્થીઓ પોતાની ક્રિએટીવીટી અનુસાર સર્જનાત્મક કામગીરી કરવા પ્રેરાય તે માટે ૧૭મી મેથી ૨૮મી મે ૨૦૧૩ સુધી વિના મુલ્યે કલાત્મક કૃતિઓ શીખવવાનો એક વર્કશોપ યોજાશે.

ગાંધીનગર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જુદી જુદી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ક્રિએટીવીટી વિકસાવવા માટે કેમ્પસની અંદર ક્રિએટીવ ઝોન તૈયાર કર્યો છે. કડી સ્કૂલ કેમ્પસની પ્રાથમિક શાળાનાં તમામ વિદ્યાર્થીઓ માટે વેકેશન દરમિયાન વિના મૂલ્યે કલાત્મક કૃતિઓ શીખવવા માટે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૭મી મે થી ૨૮મી મે સુધી યોજાનાર વર્કશોપમાં કડી સ્કૂલ કેમ્પસની પ્રાથમિક શાળાના દરેક વિદ્યાર્થી સહભાગી બની શકશે. વર્કશોપમાં જોડાવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓએ પોતાના નામ સત્વરે 'ક્રિએટીવ ઝોન' કડી સ્કૂલ કેમ્પસ ગાંધીનગર ખાતે વર્કશોપમાં નોંધાવી જવા જણાવાયું છે.



આકરી ગરમીના દિવસોમાં અબોલ પક્ષીઓની તરસ છીપાવવા શહેર વસાહત મહામંડળ દ્વારા પક્ષી પરબોનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદીના હસ્તે પક્ષી પરબોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

'ગ' માર્ગ પર ખુલ્લી ચેમ્બરો ફરતે આડશ મુકવા માંગ

ચેમ્બરોને કોર્નર કરવાની કામગીરી મંદગતિએ-ખૂલ્લી ચેમ્બરો અકસ્માતનું કારણ બને તેવી દહેશત

ગાંધીનગર, તા.૧૧

શહેરના 'ગ' માર્ગ પર સ્થિત સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બર ખસેડવાનું કામ અત્યંદ મંદ ગતિએ ચાલી રહ્યું છે. બીજી તરફ ખુલ્લી ચેમ્બરો ફરતે સલામતીના ભાગરૂપે કોઈ આડશ પણ ન મૂકાતા વધુ ભયજનક સ્થિતિનું નિર્માણ થયું છે.

'ગ' માર્ગ પર માર્ગ વચાળે અસ્તિત્વ ધરાવતી સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરોના લીધે અકસ્માતો થતા હોવાની વ્યાપક ફરિયાદો ઉદભવી હતી. ચેમ્બરો માર્ગ વચાળે હોવાથી ભારે વાહન પસાર થતા ઢાંકણ તુટવાના લીધે ખુલ્લી ચેમ્બરો માર્ગ સલામતીની દષ્ટિએ અત્યંત જોખમી બની હતી. અકસ્માતો વધતા આ જોખમને ટાળવા તંત્ર દ્વારા રૂ. ૩૩ લાખના ખર્ચે ગટરોની ચેમ્બરોને માર્ગ વચાળેથી કોર્નર કરવા કામગીરી હાથ ધરવામાં આવી છે. છેલ્લા બે મહીનાથી હાથ ધરાયેલ આ કામગીરી અત્યંત મંદ ગતિએ ચાલતા સ્થાનિક રહીશો તોબા પોકારી ગયા છે. ચેમ્બરો ખસેડવા માટે તંત્ર દ્વારા 'ગ' માર્ગ પર માર્ગ વચાળે કામ હાથ ધરાયું છે. બીજી તરફ ચેમ્બરો પણ ખુલ્લી હાલતમાં જોવા મળી રહી છે. આ જોખમી સ્થિતિ વચ્ચે પણ કામગીરીને અનુલક્ષી ખુલ્લી ચેમ્બરોઆસપાસ કોર્ડન નકરાતા ગમે ત્યારે જાન લેવા અકસ્માત સર્જાય તેવી સ્થિતિ છે. કામ પુરુંન થાય ત્યાં સુધી માર્ગ સલામતીને અનુલક્ષી ચેમ્બરો આસપાસ જરુરી આડશ મુકવા સ્થાનિક રહીશોએ માંગ કરી છે.

ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકસંઘના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની નવીન કારોબારી સભા તાલુકા ચૂંટણી સમિતિના અધ્યક્ષ ભગવાનભાઈ પટેલની અધ્યક્ષતામાં તાજેતરમાં મળી હતી. બેઠકમાં વર્ષ ૨૦૧૩-૧૪ના નવીન હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ તરીકે પેથાપુર કન્યા શાળા નં.૨ના શિક્ષક જિગરકુમાર જયંતિલાલ પટેલ તથા મંત્રી તરીકે રામજીપુરા પ્રાથમિક શાળાના આચાર્ય પિયુભાઈ હરગોવિંદદાસ પટેલની બનહરીફ વરણી કરવામાં આવી હતી. પ્રમુખ અને મંત્રીની બિનહરીફ વરણી થતાં તાલુકાના શિક્ષકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.

આજે ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠક મળશે

ગાંધીનગર સાહિત્ય સભાની માસિક સાધારણ સભા આજે તા. ૧૨મી મે ૨૦૧૩ના રોજ સાંજે ૫ કલાકે નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે. માસિક બેઠકમાં ઉપસ્થિત સર્જકોની કૃતિઓનું પઠન કરવામાં આવશે. તેમજ આગામી કારોબારી અંગે ચર્ચા થશે. વાર્ષિક હિસાબો કોષાધ્યક્ષ સુમંતભાઈ શાહ રજુ કરશે અને આગામી વ્યાખ્યાન માળા અંગે વિગતે ચર્ચા થશે તો સૌ સભ્યો અને ભાવકોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

'ગ' માર્ગના પ્રવેશ દ્વારનો પોલીસ પોઈન્ટ પોલીસ વિહોણા

ખ-માર્ગે ખર્ચી માટે બધાની એક જ જગ્યાએ બેઠક, બેદરકારીના દુરપયોગની ભારે દહેશત

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં તમામ બાજુના પ્રવેશ દ્વારો ઉપર પોલીસ પોઈન્ટ મુકી સુરક્ષાની મોટી આલબેલ પોકારાય છે. પરંતુ એસ.જી. હાઈવેથી 'ગ' માર્ગના પ્રવેશ દ્વારે પોલીસ રાત-દિવસ હોતી જ નથી. આ અંગેનું સ્થીત નિરીક્ષણ કરી રહેલા અનેક નગરજનો પોલીસની બેદરકારીના દૂરપયોગની દહેશત વ્યક્ત કરી રહ્યા છે. દેશભરમાં આંતકી પ્રવૃત્તિ વેગવાન બની છે ત્યારે સુરક્ષા બાબતે ઉચ્ચકક્ષાએથી પણ ગંભીરતા રખાય તે પણ ઈચ્છનીય બન્યું છે.

ગાંધીનગર રાજ્યનું પાટનગર હોવાથી અહીં રાજયની મુખ્ય કચેરીઓ, વિધાનસભા, સચિવાલય, મંત્રીઓના નિવાસસ્થાન, ઉચ્ચ શિક્ષણ સંકુલો, મહાત્મા મંદિર અને અનેક મહત્વના સ્થળો અસ્તિત્વ ધરાવે છે. રાજ્ય સરકારે પાટનગરના પ્રવેશ દ્વારો સહીત મહત્વના સ્થળોએ સુરક્ષાની ગંભીરતા સમજી ચાંપતા પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા કરી છે. પરંતુ ઉચ્ચ અધિકારીઓની નિયમિત તપાસના અભાવે સુરક્ષામાં બેદરકારી નજરે પડી રહી છે.

એસ.જી. હાઈવેથી ગાંધીનગરમાં પ્રવેશ કરવા માટેના 'ગ' માર્ગ પોલીસ પોઈન્ટ હોવા છતાં રાતદિવસ પોલીસ ન હોવાનો ગંભીર આક્ષેપ શહેરીજનોએ કર્યો છે. નિયમિત અપડાઉન કરતાં શહેરીજનોએ આ અંગે સ્થળનિરીક્ષણ કર્યા પછી પોતાના મોબાઈલમાં તેની તસ્વીરો કેદ કરીને આ ગંભીર બાબતને ધ્યાને લીધી છે.

વધુમાં 'ગ'માર્ગના પોલીસ જવાનો 'ખ' માર્ગની પોલીસ ચોકી ઉપર એક સાથે હોય છે. જેમાં ખર્ચીની વ્યવસ્થા ગોઠવાતી હોવાનું પણ લોકો માની રહ્યા છે. દેશભરમાં ચાલી રહેલી આતંકી પ્રવૃત્તિ વચ્ચે સુરક્ષા જેવી બાબતને બેધ્યાન ન કરી શકાય નહીં તો તેના ગંભીર પરિણામો આવી શકે છે.

ગાંધીનગરના તમામ પ્રવેશ દ્વારો અને મહત્વના સ્થળોની સુરક્ષામાં પારદર્શકતા લાવી સલામતીને માટે દરેક સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા મુકવા શહેરીજનોએ માંગ કરી છે. અને આ અંગે ઉચ્ચ કક્ષાએથી પણ યોગ્ય પગલાં લેવા માંગ ઉઠી છે.

દહેગામ બસસ્ટેન્ડ નજીક ટ્રકે મહિલાને કચડી નાખી

દહેગામ, તા. ૧૧

દહેગામ શહેરમાં એસ.ટી. સ્ટેન્ડ નજીક આવેલ અમદાવાદ-ગાંધીનગર તરફ જવાના ત્રણ રસ્તા પાસે બાઈક પર સવાર મહિલા પડી જતા પાછળ આવી રહેલ ટ્રકનું ટાયર ફરી વળતા મહિલા કચડાઈ ગઈ હતી. ઘટના સ્થળે જ મહિલાનું કમકમાટીભર્યું મતો નિપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ દહેગામ એસ.ટી. સ્ટેન્ડ પાસે આવેલા ત્રણ રસ્તા પાસે આજે સવારના સુમારે બાઈક નંબર જીજે-૧૮-સી.એ.-૧૪૩૯ પસાર થઈ રહ્યું હતું ત્યારે બાઈકની પાછળ બેઠેલ જસીબેન રામસિંહ વાઘેલા (ઉ.વ.૫૫) રહે. ભગવતીચાલી નરોડા, અચાનક બાઈક પરથી પડી ગયા હતા. ખીચોખીચ ટ્રાફિકમાં પાછળ આવી રહેલ ટ્રકનંબર જીજે-૧૯-ટી-૨૧૬૯નું આગળનું ટાયર મહિલા પર ફરી વળતા મહિલા ચગદાઈ ગઈ હતી. ઘટના સ્થળે જ તેણીનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. ઘટનાસ્થળે લોહીનું ખાબોચીયું ભરાઈ ગયું હતું. બનાવની જાણ શહેરભરમાં થતા લોકો ઉમટી પડ્યા હતા. શહેરમાં ઘેરી બનતી ટ્રાફિકની સમસ્યા અંગે પોલીસનો ઉઘડો લીધો હતો.

આજે માનસિક અને શારીરિક ખામી ધરાવતા બાળકો માટે ચેક અપ મેડિકલ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

એશીયન સી.વી. સેન્ટર એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તથા સ્વજન સંસ્થા દ્વારા માનસિક અને શારીરિક તકલીફ ધરાવતા બાળકો માટે વિના મૂલ્યે મેડિકલ ચેકઅપ અને માર્ગદર્શન કેમ્પ આજે તા. ૧૨મી મે-૨૦૧૩ને રવિવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન શ્રી મફતલાલ બાવુદાસ પટેલ સાર્વજનિક હોસ્પિટલ ઈસનપુર મોટા, તા. જિ. ગાંધીનગર ખાતે યોજાશે.

માનસિક અને શારીરિક તકલીફ ધરાવતા બાળકો માટેના મેડિકલ ચેક અપ અને માર્ગદર્શન કેમ્પમાં બાકને ચાઈલ્ડ ન્યુરોલોજીસ્ટ ડૉ. દર્શના નાયક અને એક્યુપેશનલ થેરાપિસ્ટ ડૉ. સુભાષ આટે તથા તેમની ટીમ સારવાર આપશે. ભીખાભાઈ હાઈસ્કૂલ ઈસનપુર મોટા દ્વારા જણાવાયું છે કે, બાળક સાથે એક વાલીની જમવાની વ્યવસ્થા તેમજ બાળક અને વાલીને લાવવા લઈ જવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે જેનો દરેક વ્યક્તિ લાભ લાભ લઈ શકશે.

રાયપુર નર્મદા કેનાલમાં ઝંપલાવી પ્રૌઢનો આપઘાત

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીક આવેલા રાયપુર નર્મદા કેનાલમાં ઝંપલાવીને નરોડા ખાતે રહેતા અને મુળ સોનારડા ગામના પ્રૌઢે આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. પોસ્ટમેન તરીકે ફરજ બજાવતા પ્રૌઢે કયા કારણોસર આપઘાત કર્યો તે હજુ સુધી બહાર આવ્યું નથી. ડભોડા પોલીસે મૃતદેહ બહાર કરી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા અને મુળ દહેગામ તાલુકાના સોનારડા ગામના વતની બાવન વર્ષિય ઈશ્વરભાઈ મફતભાઈ વાઘેલા પોસ્ટમેન તરીકે ફરજ બજાવતા હતા. ગઈકાલે ઈશ્વરભાઈ પોતાના ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા હતા અને રાતભર પરત ફર્યા ન હતા. તેમનો દિકરો અને પરિવારજનોએ આખી રાત તેમની શોધખોળ કરી પરંતુ ક્યાંથી સગડ મળ્યા ન હતા. દરમ્યાન વહેલી સવારે રાયપુર નર્મદા કેનાલ પાસેથી તેમનો દિકરો પસાર થયો ત્યારે ત્યાં ટોળુ જામેલુ હતુ. નજીક જઈને જોયું તો તેના પિતા જે ગઈ સાંજથી લાપત્તા હતા તેમનો મૃતદેહ કેનાલના પાણીમાં તરતો હતો. ડભોડા પોલીસને આ અંગે જાણ કરતાં હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી પરિવારજનોને સોંપી દેવાયો હતો. ઈશ્વરભાઈએ કયાં કારણોથી કંટાળીને આપઘાત કર્યો તે રહસ્ય હજુ અકબંધ છે. તે બહાર લાવવા માટે ડભોડા પોલીસે તજવીજ શરૂ કરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧

સૂર્યાસ્ત : ૬.૫૯

તાપમાન

મહત્તમ : ૪૦.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૨૬ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

સ્ટાર ટ્રેક ઈનટુ ડાર્કનેસ (૩ડી) (અંગ્રેજી) : ૯.૧૫, ૫.૦૦, ૧૦.૧૫

છોટા ભીમ : ૧૨.૦૦

આઈરોન મેન (૩ડી) (હિન્દી) : ૨.૧૫

બોમ્બે ટોકીસ : ૭.૪૫

: સ્ક્રીન-૨ :

ગો ગોઆ ગોને : ૯.૧૫, ૧૧.૩૦, ૧.૪૫, ૪.૦૦, ૬.૧૫, ૮.૩૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :

ગીપ્પી : ૯.૩૦, ૧.૩૦, ૬.૦૦

આશિકી-૨ : ૧૧.૦૦, ૩.૩૦, ૬.૦૦

: સ્ક્રીન-૪ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ગો ગોઆ ગોને: ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

આશિકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

ફોર ટુ કા વન : ૧૦.૦૦, ૫.૦૦

ગીપ્પી : ૧૨.૦૦, ૩.૦૦, ૭.૩૦

ચિરાગ, કલોલ

આશિકી-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

સાંસ્કૃતિ

- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા ઈન્ફોસિટિ કલબ ગ્રાઉન્ડ ખાત રાત્રે ૯.૩૦ કલાકે ગ્રીષ્મોત્સવનો પ્રારંભ

આપની આજ

મેષ : વિશેષ લેવડ-દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કર્ક : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપાર માં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

વૃશ્ચિક : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

ચિરવિદાય

- સ્વ. રતનબેન ગોવાભાઈ દેસાઈ (ઉ.વ. ૭૮) મુ.પો. આલમપુર, તા.,જિ. ગાંધીનગર.